૧૧૯/૮

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૨૪ /૩/૨૦૧૭

વંચાણે લીધાઃ-

૧. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૧/૩/૧૬ના ઠરાવ ક્રમાંકઃ- મકમ/ ૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ

૨. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨/૮/૧૬ના ઠરાવ ક્રમાંકઃ- મકમ/ ૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ

૩. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા. ૩૦/૧૨/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ વિજાક / મકમ / ૨૦૧૬-૧૭ /૨૨૯૩

ઠરાવઃ-

નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતાની સંદર્ભ ક્રમાંકઃ (૧) માં દર્શાવેલ તા. ૨૧/૩/૧૬ ના ઠરાવથી કુલ ૭૫૪ હંગામી જગ્યાઓ તા. ૨૮/૨/૧૭ સુધી ચાલુ રાખવામાં આવેલ હતી.

૨. સંદર્ભ ક્રમાંકઃ (૨)માં દર્શાવેલ તા.૨/૮/૨૦૧૬ના ઠરાવથી ડેપ્યુટી ઓડીટર વર્ગ.૩ની એક જગ્યા એબેયન્સમાંથી મુકત કરવામાં આવેલ છે. સંદર્ભ (૩)માં દર્શાવેલ તા.૩૦/૧૨/૨૦૧૬ના પત્રથી નિયામકશ્રીએ ૭૮૬ જગ્યાઓને ચાલુ રાખવાની દરખાસ્ત કરેલ જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૩. સદરહુ બાબતે પુખ્ત વિચારણાના અંતે દસ વર્ષીય ભરતી કેલેન્ડર માં સમાવિષ્ટ પત્રક-અ ની ૭૩૮ જગ્યાઓ પૈકી ૩૧૨ ભરાયેલ જગ્યાઓ અને ૪૨૬ ખાલી જગ્યાઓ ૧૦ વર્ષય ભરતી કેલેન્ડરના સેટ-અપ મુજબ ખાલી જગ્યાઓ એબેયન્સમાં મુકવા કે રદ થવાપાત્ર ન હોઇ કુલ ૭૩૮ હંગામી જગ્યાઓને તા.૧/૩/૨૦૧૭ થી તા.૨૮/૨/૨૦૧૮ સુધી ચાલુ રાખવા આથી મંજુરી આપવામાં આવે છે.

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ નથી તેવી પત્રક-બ ની ૪૮ હંગામી જગ્યાઓને નીચે જણાવેલ શરતોને આધિન તા.૧/૩/૨૦૧૬ થી તા.૨૮/૨/૨૦૧૭ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ની આ હેતુ માટે કરાયેલ બજેટ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

(૨) આ જગ્યાની ખર્ચ જે હેતુ માટે ઉભી કરેલ છે તે હેતુ માટે જ કરવાનો રહેશે.

(૩) પત્રક(બ) મુજબની કુલ ૪૮ હંગામી જગ્યાઓ પૈકી ની ડ્રાઇવર સંવર્ગની ભરાયેલી ૦૮(આઠ) તથા વર્ગ.૪ ની ૨૮ ભરાયેલ હંગામી જગ્યાઓ પણ હાલમાં ફરજ બજાવતા નિયમિત કર્મચારીઓ

નિયામક વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર
27 MAR 2017
29.3.17
શાખા.........
ઇનવર્ડ નં.......૪૫૮

27/3/17

જેમ જેમ નિવૃત્ત થતા જાય તેમ તેમ તે જગ્યાઓ રદ કરવાની રહેશે. આ જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવ અન્વયે આઉટ સોર્સિંગથી કરાવવાની રહેશે.

(૪) ઉકત પત્રક(બ)ના કોલમ-૭ સામે દર્શાવેલ વર્ગ.૧ થી વર્ગ -૩ ની એક થી ત્રણ વર્ષ દરમ્યાનની કુલ ૦૫ હંગામી જગ્યાઓ પૈકીની નિયામકની ૦૧ જગ્યા ચાર્જથી ભરાયેલ હોઇ તે સિવાયની ૦૪ જગ્યાઓ જો ત્રણ વર્ષ સુધી ખાલી રહેવા પામે તો તે આપોઆપ રદ થયેલ ગણાશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨/૩/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણઃ- પત્રક-અ અને પત્રક-બ

(એસ.જે.પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા.)/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા) (નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ ગાંધીનગર મારફતે).
- નાણાસલાહકારશ્રી (સા.ન્યા.) સચિવાલય,ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (નિયામકશ્રી, વિ.જા.ક., ગાંધીનગર મારફતે).
- અ-૧-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ શાખા/ના.સે.અધિ.શ્રી

પત્રક-અ

ઠરાવ નં. મકમ/૧૧૨૦૧૬/૪૧૬૭૭/ અ, તા. ૨૪ /૩/૨૦૧૭ સાથેનું બિડાણ

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ હોય તેવી જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | ચાલુ રાખેલ હંગામી જગ્યાની સંખ્યા | ક્રમ | જગ્યાનું નામ | ચાલુ રાખેલ હંગામી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| (અ) વડી કચેરી | | | (બ) જિલ્લા કચેરીઓમા | | |
| ૧ | નાયબ નિયામક | ૩ | ૧ | નાયબ નિયામક | ૧૨ |
| ૨ | સમાજ કલ્યાણઅધિકારી | ૪ | ૨ | સમાજ કલ્યાણ અધિકારી | ૨૧ |
| ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૫ | ૩ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૩૪ |
| ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૭ | ૪ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૭ |
| ૫ | સીનીયર કલાર્ક | ૮ | ૫ | સીનીયર કલાર્ક | ૨૦ |
| ૬ | જુનીયર કલાર્ક | ૮ | ૬ | જુનીયર કલાર્ક | ૩૮ |
| | કુલ | ૩૫ | ૭ | સમાજ કલ્યાણ નિરીક્ષક | ૧૪૧ |
| | | | ૮ | સીવણ સંચાલિકા | ૨૦ |
| | (ક) આદર્શ નિવાસી શાળાઓમાં | | | કુલ | ૨૯૩ |
| ૧ | આચાર્ય | ૨૮ | | | |
| ૨ | મદદનીશ શિક્ષક/ માધ્યમિક શિક્ષક<br>ચિત્ર-સંગીત શિક્ષક,શારીરિક શિક્ષણ શિક્ષક | ૨૮૬ | | (ડ) સરકારી છાત્રાલયોમાં | |
| ૩ | મદદનીશ સ.ક.અધિકારી | ૩૩ | ૧ | મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૬૧ |
| ૪ | જુનીયર કલાર્ક | ૨ | | કુલ | ૬૧ |
| | કુલ | ૩૪૯ | | | |

(એસ.જે.પરમાર)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પત્રક-બ

ઠરાવ નં. મકમ/૧૫૨૦૦૯/૪૧૬૭૭/ અ, તા. ૨૪ /૩/૨૦૧૭ સાથેનું બિડાણ

ભરતી કેલેન્ડરમાં સમાવિષ્ટ થયેલ ન હોય તેવી જગ્યાઓની વિગત

| ક્રમ | | વર્ગ | મંજુર થયેલ જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ | એક વર્ષ સુધીની ખાલી જગ્યાઓ | એક વર્ષથી વધુ અને ત્રણ વર્ષ કરતાં ઓવા સમયથી ખાલી જગાઓ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | નિયામક | ૧ | ૧ | ૦ | ૦ | ૧ |
| ૨ | હિસાબી અધિકારી | ૧ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૩ | કાયદા સલાહકાર | ૨ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૪ | સ્ટેનો ગ્રેડ-૧ | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૫ | સ્ટેનો ગ્રેડ-૨ | ૩ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૬ | સીનીયર ઓડીટર | ૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૭ | ડેપ્યુટી ઓડીટર | ૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૮ | સબ ઓડીટર | ૩ | ૧ | ૧ | ૦ | ૦ |
| ૯ | સંશોધન મદદનીશ | ૩ | ૧ | ૦ | ૧ | ૦ |
| ૧૦ | આંકડા મદદનીશ | ૩ | ૩ | ૨ | ૧ | ૦ |
| ૧૧ | ડ્રાઇવર | ૩ | ૮ | ૮ | ૦ | ૦ |
| ૧૨ | પટાવાળા | ૪ | ૧૧ | ૧૧ | ૦ | ૦ |
| ૧૩ | રસોયા | ૪ | ૩ | ૩ | ૦ | ૦ |
| ૧૪ | રસોયા કામદાર | ૪ | ૫ | ૫ | ૦ | ૦ |
| ૧૫ | હમાલ | ૪ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૧૬ | સફાઇ કામદાર | ૪ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૧૭ | ચોકીદાર | ૪ | ૫ | ૫ | ૦ | ૦ |
| | કુલ | | ૪૮ | ૪૩ | ૪ | ૧ |

(એસ.જે.પરમાર)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ